BUSINESS મિત્ર

સોનામાં છેલ્લા છ સપ્તાહનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

તેલની 'આગ'માં ઓગળ્યું સોનું: આંતરરાષ્ટ્રીય ભાવમાં 3%નો મોટો કડાકો

મુંબઈ, તા. 18: સામાન્ય રીતે વિશ્વમાં યુદ્ધ અથવા અનિશ્ચિતતાની સ્થિતિમાં રોકાણકારો સોનાને સલામત આશ્રર્યસ્થઆન તરીકે વળથે છે, પરંતુ આ વખતે તસ્વીર અલગ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય તણાવ છતાં સોનાના ભાવ દબાણ હેઠળ છે. આનું કારણ એ છે કે યુદ્ધના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે, જેના કાણે મોંઘવારી અને વ્યાજદર લાંબા સમયથી ઉંચા રહેવાની શક્યતા વધી છે. આ જ કારણ છે કે સોનું આ સપ્તાહે છ સપ્તાહમાં સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો તરફ આગળ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પોટ ગોલ્ડ લગભગ સ્થિર 3970.35 ડોલર પ્રતિ ઔંસ પર કારોબાર કરી રહ્યો હતો. 1લી જુલાઈ પછીનું આ સૌથી નીચું સ્તર છે. આ સપ્તાહમાં સોનાના ભાવમાં 3 ટકાથી વધુનો ઘટાડો થયો છે. તે જ સમયે ઓગસ્ટ ડિલીવરીનો યુએસ ગોલ્ડ વાયદો 0.5 ટકા ઘટીને 3973.10 ડોલર પ્રતિ ઔંસ પર બંધ રહ્યો હતો.

બજારના આંકડા અનુસાર, ફેબ્રુઆરીના અંતમાં યુએસ સમર્થિત ઈરાન યુદ્ધ શરૂ થયા પછી સોનાના ભાવમાં લગભગ 25 ટકાનો ઘટાડો થયો છે. આનું સૌથી મોટું કારણ માનવામાં આવે છે કે યુદ્ધને કારણે વધેલા ફુગાવાને કારણે કેન્દ્રીય બેંકોને લાંબા સમય સુધી વ્યાજ દરો ઊંચા રાખવાની ફરજ પડી શકે છે. ક્રુડ ઓઈલની તેજીએ બજારનો ટ્રેન્ડ બદલી નાખ્યો અમેરિકાએ ઈરાનમાં પુલો અને એરપોર્ટ પર હુમલા કર્યા હતા, જેના જવાબમાં ઈરાને મીડલ ઈસ્ટમાં યુએસ સૈન્ય મથકો પર નિશાન બનાવ્યું હતું. આ ઘટનાઓ બાદ આ અઠવાડિયે બ્રેન્ટ ક્રુડના ભાવમાં 14 ટકાથી વધુનો વધારો થયો હતો. તેલના ભાવમાં વધારાના કારણે મોંઘવારીની આશંકા વધુ તીવ્ર બની છે. જો ફુગાવો વધે છે, તો યુએસ ફેડરલ રિઝર્વ સહિત વિશ્વની અન્ય કેન્દ્રીય બેંકો લાંબા સમય સુધી વ્યાજ દરને ઊંચા સ્તરે રાખી શકે છે. તેની સીધી અસર સોનાના ભાવ પર પડે છે. ફોરેક્સ ડોટકોમના માર્કેટ નિષ્ણાતનું કહેવું છે કે, તાજેતરના ઘટાડા દરમ્યાન કેટલાક રોકાણકારોએ નફો પણ લીધો છે. તેમનું માનવું છે કે, જો ક્રુડના ભાવમાં વધુ વધારો થશે તો મોંઘવારી અને વ્યાજદરની અપેક્ષા પણ વધશે, જે સોના પર દબાણ જાળવી શકે છે. આ સિવાય મજબૂત ડોલરના લીધે પણ સોના-ચાંદીમાં દબાણ જોવા મળ્યું હતું.

અંબાણી ગ્રૂપના ૧૦ શેરોમાં રોકાણકારો ધોવાયા

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ત્રિમાસિક પરિણામો શાનદાર રહ્યા પણ છેલ્લા ૨ વર્ષમાં બધી જ લિસ્ટેડ કંપનીઓએ નેગેટિવ રિટર્ન આપ્યું

મુંબઈ, તા. 18: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 20027ના પ્રથમ ક્વાર્ટરમાં વિક્રમી 3.09 લાખ કરોડ રૂપિયાની આવક નોંધાવી હતી, પરંતુ મુકેશ અંબાણીની 10 લિસ્ટેડ કંપનીઓના શેરમાં છેલ્લા બે વર્ષમાં ખોટ થયો છે.

કંપનીએ નાણાકીય વર્ષ 20027ના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. 3.09 લાખ કરોડની આવક પેદા કરી હતી, જે અગાઉના ક્વાર્ટરની સરખામણીમાં 5.1 ટકા વધારો દર્શાવે છે અને ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 26.6 ટકા વધારો દર્શાવે છે, જે તેના ઓઈલ ટુ કેમિકલ, ઓઈલ એન્ડ ગેસ અને ડિજિટલ સેવાઓના વ્યવસાયોમાં મજબૂત પ્રદર્શનને સમર્થિત કરે છે.

રિલાયન્સના પરિણામો શાનદાર હોવા છતાં શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓની હાલત ખરાબ છે. જો આપણે છેલ્લા બે વર્ષની વાત કરીએ તો તમામ કંપનીઓએ રોકાણકારોના પૈસા ગુમાવ્યા છે. જે કંપનીઓએ નેગેટિવ રિટર્ન આપ્યું છે તેમાં રિલાયન્સ ઈન્ડ. 17.7 ટકા, રિલા. ઈન્ડ. ઈન્ફ્રામાં 42.2 ટકા, જસ્ટ ડાયલ 23.4 ટકા, જિયો ફાઈ. 31.5 ટકા, સ્ટર્લીંગ એન્ડ વિલસન -68.20 ટકા, જીટીપીએલ હેથવે 62.60 ટકા, નેટવર્ક 18 મીડિયા 63.8 ટકા, ડેન નેટવર્ક 48.2 ટકા, હેથવે કેબલ અને ડેટાકોમ 55.5 ટકા અને ઈન્ફો મીડિયા 19 ટકા ઘટયા હતા. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં છેલ્લા 5 વર્ષમાં 25.81 ટકાનું વળતર મળ્યું છે, પરંતુ છેલ્લા બે વર્ષથી તે ગતિ બતાવી રહ્યું નથી.

PNBનો ધમાકો: જૂન ક્વાર્ટરમાં નફો ૩ ગણો વધીને ૫,૨૫૩ કરોડ

વાર્ષિક વૃદ્ધિ સાધારણ હોવા છતાં આ આંકડો છેલ્લા છ ક્વાર્ટરમાં બેન્કનું શ્રેષ્ઠ પ્રદર્શન છે

મુંબઈ, તા. 18: જાહેર ક્ષેત્રની મોટી બેન્ક પંજાબ નેશનલ બેન્કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. વાર્ષિક ધોરણે બેન્કના મુખ્ય પરિણામો થોડા સુસ્ત લાગે છે, પરંતુ બેન્કના ચોખ્ખા નફામાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો છે.

ટેક્સ ખર્ચમાં તીવ્ર ઘટાડાથી પીએનબીના નફામાં મોટો વધારો થયો છે, જેણે ગત વર્ષના સમાન ક્વાર્ટરની તુલનામાં બેન્કના નફામાં 3 ગણો વધારો કર્યો છે. જુન ક્વાર્ટરમાં પીએનબીનો ચોખ્ખો નપો વધીને રૂ. 5253 કરોડ થયો છે. ગત વર્ષના સમાન ક્વાર્ટરમાં બેન્કનો નફો માત્ર રૂ. 1675 કરોડ હતો.

બેન્કના નફામાં આ રેકોર્ડ વધારાનું સૌથી મોટું કારણ ટેક્સ લાઈબિલિટીમાં ઘટાડો છે. જુન ક્વાર્ટરમાં રૂ. 5083 કરોડ હતો. પીએનબીની ચોખ્ખી વ્યાજ આવક વાર્ષિક ધોરણે 2.1 ટકા વધીને રૂ. 10798 કરોડ થઈ છે. વાર્ષિક વૃદ્ધિ સાધારણ હોવા છતાં આ આંકડો છેલ્લા છ ક્વાર્ટરમાં બેન્કનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

બેન્કની એસેટ ક્વોલિટી એટલે કે બેડ લોનની સ્થિતિ આ ક્વાર્ટરમાં ખૂબજ સ્થિર અને વધુ સારી દેખાઈ રહી છે. બેન્કનો ગ્રોસ એનપીએ અગાઉના ક્વાર્ટરમાં 2.95 ટકાથી ઘટીને 2.78 ટકા થઈ ગયો છે. બેન્ક માટે શ્રેષ્ઠ બાબત એ છે કે નવી બેડ લોનની ગતિ ધીમી પડી છે. જુન ક્વાર્ટરમાં નવી સ્લીપેજ રૂ. 2080 કરોડ હતી, જે માર્ચ ક્વાર્ટરમાં રૂ. 2758 કરોડ હતી. હાલમાં બેન્કનો શેર અથડાતો જોવા મળી રહ્યો છે, જે વર્ષની શરૂઆત કરતા 15 ટકાનો ઘટાડો થયો છે.

અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ સામેના કેસોમાં સીબીઆઈના 15 સ્થળોએ દરોડા

બેંકોને થયેલા 27,337 કરોડના નુકસાન સંબંધે અનિલ અંબાણીની 23 કંપનીઓ સામે કાર્યવાહી

નવી દિલ્હી, તા. 18 (PTI): સીબીઆઈ દ્વારા શનિવારે રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ (આરસીએફએલ) અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (આરએચએફએલ) સામે નોંધાયેલા કેસોના સંબંધમાં દિલ્હી અને મુંબઈમાં 15 પરિસરો પર દરોડા પાડવામાં આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. એજન્સીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ દરોડા અનિલ અંબાણીની આગેવાની હેઠળના રિલાયન્સ એડીએ ગ્રુપ સાથે જોડાયેલી 23 પરસ્પર સંકળાયેલી સંસ્થાઓ પર કરવામાં આવ્યા હતા. આ પરિસરો - મુંબઈ અને દિલ્હીમાં આવેલા છે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "ગ્રુપ સાથે જોડાયેલી આ પરસ્પર સંકળાયેલી સંસ્થાઓનો કથિત રીતે આરસીએફએલ અને આરએચએફએલ દ્વારા ઉધાર લેવામાં આવેલા બેંક ફંડને રિલાયન્સ એડીએ ગ્રુપની અન્ય કંપનીઓમાં ડાયવર્ટ કરવા માટેના માધ્યમ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે ધિરાણ આપનારી બેંકોને ગેરકાયદે નુકસાન થયું હતું." મુંબઈની સ્પેશિયલ કોર્ટમાંથી વોરંટ મેળવ્યા બાદ આ દરોડા પાડવામાં આવ્યા હતા. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ દરોડામાં "ત્રણ વ્યક્તિઓના પરિસરોનો પણ સમાવેશ થાય છે, જેમાં આરએચએફએલના ભૂતપૂર્વ સીએફઓ, રિલાયન્સ એડીએ ગ્રુપના ભૂતપૂર્વ સેક્રેટરીયલ હેડ અને આરએચએફએલના ભૂતપૂર્વ ચીફ ટ્રેઝરી કન્સલ્ટન્ટ સામેલ છે." સીબીઆઈએ વિવિધ જાહેર ક્ષેત્રની બેંકો અને એલઆઈસી પાસેથી મળેલી ફરિયાદોના આધારે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ (આરકોમ), આરએચએફએલ, આરસીએફએલ અને રિલાયન્સ ટેલિકોમ લિમિટેડ (આરટીએલ) સામે સાત એફઆઈઆર નોંધી છે.

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૩૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩	૫૦/૩૬ ''	૧૪૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૯.૨૫
૩૦/૩૬ એફડી	૨૬૨.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૬
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૩૮.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫	૧૦૦ ટેક્ષ	૧૩૪.૫	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫	૮૦/૭૨ રોટો	૧૪૦	૭૫ ક્રિમ્પ	૧૩૮.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯.૨૫	૮૦ ક્રિમ્પ	૧૩૬
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫	૧૬૦ ડીસ્કેટ	૪૯.૨૫	૮૦/૭૨ રોટો	૧૪૦
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪	૮૦/૧૦૮ ''	૧૪૧.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૯

RBIએ મુથૂટ ફાઈનાન્સ સહિત 6 NBFCs પર ફટકાર્યો લાખોનો દંડ

મુંબઈ, તા. 18: ભારતીય રિઝર્વ બેંકે (RBI) નિયમોનું પાલન ન કરવા બદલ મુથૂટ ફાઈનાન્સ સહિત છ નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ (NBFCs) પર લાખો રૂપિયાનો દંડ ફટકાર્યો છે. RBIએ સ્પષ્ટ કર્યું છે કે આ કાર્યવાહી માત્ર રેગ્યુલેટરી ખામીઓને કારણે કરવામાં આવી છે અને તેનાથી ગ્રાહકોના ખાતા કે વ્યવહારો પર કોઈ અસર થશે નહીં.

કઈ કંપનીને કેટલો દંડ થયો?

» એવેલ ફાઇનાન્શિયલ સર્વિસિસ: ૬.૨૦ લાખ (સૌથી વધુ દંડ)

» મુથૂટ ફાઇનાન્સ: ૫.૮૦ લાખ

» સત્યા માઇક્રોકેપિટલ અને પાન ઇમામી કોસ્મેડ: ૩.૧૦ લાખ (દરેકને)

» ધાની લોન્સ અને મુથૂટ વ્હીકલ ફાઇનાન્સ: ૨.૭૦ લાખ (દરેકને)

દંડ પાછળના મુખ્ય કારણો:

મુથૂટ ફાઈનાન્સ પાસે શંકાસ્પદ વ્યવહારો ઓળખવા માટે મજબૂત સોફ્ટવેર અને જોખમની સમીક્ષા કરવાની યોગ્ય સિસ્ટમ નહોતી. એવેલ ફાઈનાન્શિયલે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ લોન આપી હતી અને તેના MD અન્ય બે કંપનીઓમાં પણ ડિરેક્ટર હતા. પાન ઈમામીએ એક જ ગ્રૂપને વધુ લોન આપી હતી, જ્યારે સત્યા માઈક્રોકેપિટલ લોન ખાતાઓને NPA તરીકે સમયસર જાહેર કરવામાં નિષ્ફળ ગઈ હતી. નિષ્ણાતોના મતે, આ નિયમિત ઓડિટ પ્રક્રિયાનો ભાગ છે. આ પગલાંથી નાણાકીય વ્યવસ્થા વધુ સુરક્ષિત અને વિશ્વસનીય બનશે તેમજ ગ્રાહકોના હિતોનું રક્ષણ થશે.

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૦૦૦
એમ-૩૦	૫૦૦૦
એસ-૩૦	૪૯૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૬૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૬૦૦૦
તેજાબી સોનું	૧૪૫૯૭૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૭૦૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૩૧૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૬૦૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૨૯૫૦
ચાંદી સિક્કા	૨૨૪૪૫૦

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

DGVCL

કાર્યપાલક ઇજનેર સં.અને.નિ, ઓલપાડ વિભાગીય કચેરી, સુરત

ઉત્રાણ પાવર હાઉસ નજીક, સિલ્વર ટ્રેડ સેન્ટર ની સામે, સમતાનગર, ઉત્રાણ, સુરત,૩૯૪૧૦૫

CIN: U40102GJ2003SGC042909

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજપ્રવાહ બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરો પર જરૂરી કામગીરી કરવાની હોવાથી દર્શાવેલ તારીખે અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી વહેલી પૂર્ણ થશે તો કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

અ. નં.	સબસ્ટેશનનું નામ	ફીડરનું નામ	સબ ડિવિઝન	વિસ્તાર	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ	સમય
૧	કરમલા સબ સ્ટેશન શટ ડાઉન	કરમલા, ગેલેક્ષી, અછારણ, સાંઢીયેર, સિલ્ક ફિલામેન્ટ, ગણેશ, જલભૂમિ, સુભાષ, આકાશ, વસંત	ઓલપાડ	કરમલા, અટોદરા, સાંઢીયેર, મોરથાણ, અછારણ, સિથાણ, વિહારા, જલભૂમિ અને શ્રુષ્ટિ ઇન્ડ. વિસ્તાર (શટ ડાઉન જેકટો દ્વારા લેવામાં આવેલ છે)	૧૯૧૨૩	૨૧.૦૭.૨૦૨૬	૦૯.૦૦ થી ૧૭.૦૦
૨	મોટાવરાછા	સુદામા	મોટાવરાછા	ઓકસીઝન બિલ્ડીંગ નજીકનો વિસ્તાર	૧૯૧૨૩	૨૧.૦૭.૨૦૨૬	૦૯.૦૦ થી ૧૭.૦૦
૩	મોટાવરાછા	ઇસ્કોન	મોટાવરાછા	ખોડિયારનગર રોડ	૧૯૧૨૩	૨૧.૦૭.૨૦૨૬	૦૯.૦૦ થી ૧૭.૦૦
૪	ઓલપાડ	શિવાલીક	ઓલપાડ	મહેસાણા ઇન્ડ., રાધે ઇન્ડ., મહાકાળી એસ્ટ., શિવ એસ્ટ., વાઈબ્રન્ટ ઇકોપાર્ક	૧૯૧૨૩	૨૨.૦૭.૨૦૨૬	૦૯.૦૦ થી ૧૭.૦૦
૫	ઓલપાડ	કાવીસ, કુવાદ	રાંદેર રૂરલ	કુવાદ, ઓરમા, સરસ, કપાસી અને ઝીંગા તળાવ	૧૯૧૨૩	૨૩.૦૭.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૪.૦૦
૬	ઓલપાડ	ટકારમા	ઓલપાડ	કનૈયા સો-રૂમ, આંધી ગામ, ગોલા, રાજનગર, ટકારમા, સોંદામીઠા, એરથાન,	૧૯૧૨૩	૨૩.૦૭.૨૦૨૬ ૨૪.૦૭.૨૦૨૬	૦૮.૦૦ થી ૧૪.૦૦
૭	પીંજરત	ધનશેર	રાંદેર રૂરલ	ધનશેર, છીણી, તેના, તેના રાંગ, બરબોધન રોડ ઇન્ડ. વિસ્તાર	૧૯૧૨૩	૨૪.૦૭.૨૦૨૬	૦૭.૦૦ થી ૧૧.૦૦
૮	ઓલપાડ	ઓલપાડ અર્બન	ઓલપાડ	ઓલપાડ ટાઉન	૧૯૧૨૩	૨૫.૦૭.૨૦૨૬	૦૭.૦૦ થી ૧૧.૦૦

કાર્યપાલક ઇજનેર (સં.અને નિ.), ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

વેટ કાયદાની ITC જો GSTમાં.. તબદીલ કરી દીધી હોય તો... તેનુ GSTમાં રિફંડ ન મળી શકે...

નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

અગાઉના વેટ કાયદાની ન વપરાયેલ ITC જો GSTમાં તબદીલ કરી દીધી હોય અને તે ન વપરાયેલ હોય તો... તેનું GSTમાં રિફન્ડ ન મળી શકે એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે ખેર ના ગુજરાત હાઈકોર્ટના દિલીપ બાબુભાઈ પટેલ વિ. ગુજરાત રાજ્ય સ્પે.સી. એપ્લી નં. 216થી 2019ના તા. 29-6-2026ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત

અરજદાર દ્વારા વેટ કાયદા હેઠળ તા. 30-6-27ના રોજ ન વપરાયેલ રૂ. 23,74,389ની ITC GSTમાં ફોર્મ ટ્રાન-1 ભરીને તબદીલ કરવામા આવી. વેપારીના જ ધંધામાં GSTમાં ઈન્પૂટનો દર આઉટપૂરના દર કરતા ઊંચો હોવાથી ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર થતુ હતુ. જેથી વેપારી પાસે રૂા. 28,54,987ની ન વપરાયેલ ITC હતી. જેમાં વેટમાંથી તબદીલ થયેલ ITCનો સમાવેશ થતો હતો. વેપારીએ રૂા. 23,50,000ના રિફન્ડ માટે અરજી કરી પરંતુ અધિકારીએ રૂાફ. 475324નુ રિફન્ડ આપ્યું અને બાકીનું રૂા. 18,74676નું રિફન્ડ નામંજૂર કર્યું. તો વેપારીને તપાસ કરતા જાણવા મળ્યું કે નામંજૂર રિફન્ડ વેટની તબદીલ કરેલ કરેલ ITCનુ હતું. અધિકારીના આ નિર્ણયને વેપારી દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી પડકારવામા આવ્યો.

કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

દલીલ...

વેપારીના વિધ્વાન એડવોકેટે દલીલ કરતા જણાવ્યું કે અગાઉના ન વપરાયેલ ITC તબદીલ કરવામા કલમ 140ની જોગવાઈનો આધાર અગાઉની ITCને જીએસટીમાં પણ જાળવી રાખવાનો છે અને તેથી જો રિફન્ડ ન આપવામાં આવે તો... કલમ 140નો ઉદ્દેશ માર્યો જશે. તો... મંજૂર કરવામાં આવેલ રિફન્ડની રકમ વેપારી જ ઈલ. લેજરમા પાછી જમા કરાવી જોઈએ.

ચૂકાદો...

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે કલમ 49(4) મુજબ ઈલે. લેજરમાં જમા રકમને જીએસટીની જવાબદારી ચૂકવવામાં ઉપયોગમાં લઈ શકાય છે. જ્યારે કલમ 54(3)માં બે સંજોગોમાં રિફન્ડ મળી. શકે છે. ના. હાઈકોર્ટના મે. કલમ 58માં જીએસટી કાયદાની ન વપરાયેલ ક્રેડિટનુ રિફન્ડ આપવાની જોગવાઈ છે અને તેમા અગાઉના કાયદાની તબદીલ થઈને જીએસટીમા આવેલ આઈટીસીનો જીએસટી ચુકવવા ઉપયોગ કરી શકાય પરંતુ તેનુ રિફન્ડ ન મળી શકે.

કરદાતા એકવાર ન વપરાયેલ ITC જીએસટીમાં તબદીલ કરે અને બીજી બાજુ જીએસટીમા રિફન્ડ તેવી ITCનુ રિફન્ડ માંગે તેવા બંને વિકલ્પો ઉપયોગ ન કરી શકે. કાંતો તેઓએ અગાઉના કાયદાની ન વપરાયેલ ITCનુ તે કાયદામાં રિફન્ડ માંગવું પડે. અથવા જીએસટીમાં તબદીલ કરવી પડે. જો તેઓ જીએસટીમા રિફન્ડ ન માંગી શકે અને આ અર્થઘટનને કલમ 142/36 અને તેના બીજા પ્રોવિઝન સમર્થન મળે છે તો... નો.હાઈકોર્ટે ખાતાના તા. 15-3-18ના સરક્યુલરની નોંક લીધી જેમાં વેટ કાયદાના તબદીલ થયેલ ટેક્ષ ક્રેડિટનુ રિફન્ડ ન મળ શકે તેવી ચોખવટ છે. તો રિફન્ડ નામંજૂર થતા... વેપારીની ITC તેના ઈલે. ક્રેડિટ લેજરમા પરત જતા કરવાની રજૂઆતનો સ્વીકાર કરી 12 અઠવાડિયામા તમે કરવા અધિકારીને ફરમાવ્યું.

HDFC, ICICI અને એક્સિસ સહિતની ટોચની બેન્કોના નફામાં બમ્પર ઉછાળો

અગ્રણી પ્રાઇવેટ બેન્કોના પ્રથમ ક્વાર્ટરના પરિણામો સુપરહિટ

એચડીએફસી બેન્કનો નફો 18 ટકા, એક્સીસ બેન્કનો 23 ટકા, કોટકનો 26 ટકા, આઇસીઆઇસીઆઇ બેન્કનો 16 ટકા અને યસ બેન્કનો 34 ટકા વધ્યો

મુંબઈ, તા. 18: દેશની સૌથી મોટી ખાનગી બેન્ક એચડીએફસી બેન્કે જુન ક્વાર્ટરના જાહેર થયેલા પરિણામોમાં ચોખ્ખો નફો રૂ. 19000 કરોડને પાર નીકળીને રૂ. 19059.72 કરોડ થયો છે. જે ગત વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 18155.21 કરોડ હતો. જે વાર્ષિક ધોરણે 18 ટકા વધુ છે. આ સાથે વ્યાજની આવક 6.7 ટકા, નેટ ઈન્ટરેસ્ટ માર્જિન-એનઆઈએમ 3.26 ટકા હતું. આ ઉપરાંત, બેન્કની ગ્રોસ એનપીએ ઘટીને 1.17 ટકા અને નેટ એનપીએ ઘટીને 0.41 ટકા થઈ ગઈ છે.

ખાનગી ક્ષેત્રની અગ્રણી એક્સીસ બેન્કે જુન ક્વાર્ટરના જાહેર કરેલા પરિણામોમાં રૂ. 7113.92 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જે એક વર્ષ પહેલા રૂ. 5806.14 ક્કરોડ હતો. આમ, નફામાં 23 ટકાનો વધારો થયો છે. જ્યારે બેન્કની કુલ આવક 6 ટકા વધી છે. આ ઉપરાંત, બેન્કની ચોખ્ખી વ્યાજની આવક 8 ટકા વધીને રૂ. 14646 કરોડ થઈ છે. જે વર્ષ પહેલા રૂ. 13560 કરોડ હતી. બેન્કની એસેટ ક્વોલિટીમાં સુધારો થયો છે. ગ્રોસ એનપીએ ઘટીને 1.28 ટકા અને નેટ એનપીએ ઘટીને 0.39 ટકા થયો છે.

આઈસીઆઈસીઆઈ બેન્કે જુન ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ચોખ્ખો નફો 16 ટકા વધ્યો છે, જે રૂ. 14804 કરોડ થયો છે, જ્યારે કુલ આવક 5 ટકા વધીને રૂ. 54246.84 કરોડ થઈ છે, જે ગત વર્ષે રૂ. 51451.681 કરોડ હતી. બેન્કની ચોખ્ખી વ્યાજની આવક વાર્ષિક ધોરણે 12.7 ટકા વધીને રૂ. 24384.35 કરોડ થઈ છે.

આઈસીઆઈસીઆઈ બેન્કની એસેટ ક્વોલિટીમાં વધુ સુધારો જોવાયો હતો. ગ્રોસ એનપીએ રેશિયો 1.38 ટકા રહ્યો છે, જે એક વર્ષ પહેલા 1.67 ટકા રહ્યો છે. જ્યારે નેટ એનપીએ 0.35 ટકા હતો, દેશની પાંચમી સૌથી મોટી બેન્ક કોટક મહિન્દ્રા બેન્કના જાહેર થયેલા પરિણામોમાં ચોખ્ખો નફો 26 ટકા ઉછળ્યો હતો અને રૂ. 4122.96 કરોડ થયો છે. જે ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન રૂ. 3282 કરોડનો હતો. બેન્કની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ-એનઆઈઆઈ 9 ટકા વધઈને રૂ. 7928 કરોડ થઈ છે.

છેલ્લા કેટલાક ક્વાર્ટરથી યસ બેન્કના પરિણામમાં સતત સુધારો થતો જોવા મળી રહ્યો છે. યસ બેન્કના પ્રથમ ક્વાર્ટરના જાહેર થયેલા પરિણામમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 34 ટકા વધ્યો છે. જે રૂ. 1071 કરોડ થયો છે. જે ગત વર્ષે આ સમયગાળામાં રૂ. 801 કરોડનો હતો. બેન્કની ચોખ્ખી વ્યાજની આવક-એનઆઈઆઈ વાર્ષિક ધોરણે 17.5 ટકા વધઈને રૂ. 2786.46 કરોડ થયઈ છે, જે એક વર્ષ અગાઉ રૂ. 2371 કરોડ હતો. બેન્કની ગ્રોસ એનપીએ 1.6 ટકાથી ઘટીને 1.3 ટકા થઈ છે, જ્યારે નેટ એનપીએ 0.3 ટકાથી ઘટીને 0.2 ટકા થઈ છે. ધિરાણકર્તાનો ઓપરેટિંગ પ્રોફિટ વાર્ષિક ધોરણે 25.5 ટકા વધીને રૂ. 1704 કરોડ થયો છે, જ્યારે બિન વ્યાજ આવક 2.6 ટકા વધીને રૂ. 1798 કરોડ થઈ છે.

જાહેર નોટીસ

નગર રચના યોજના સુરત નં.૯૩ (પાલ-પાલનપોર-ભાઠા)

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નગર રચના યોજના નં.૯૩(પાલ-પાલનપોર-ભાઠા)સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહુ યોજનાની પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્તની સુનાવણી બાબતે અત્રેથી તા.૧૯/૦૬/૨૦૨૬ના રોજ નોટીસ બજાવવામાં આવેલ.જે સુનાવણી તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.

જે અન્વયે, યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિક/હિતસંબંધ ધરાવતી વ્યક્તિ કે ભાડુઆત, કબ્જા/હક્ક હિસ્સો ધરાવતી વ્યક્તિઓને નામ કે સરનામાનાં અભાવે કે અન્ય કોઈ કારણસર નોટીસ બજેલ ન હોય તો તેવી દરેક વ્યક્તિઓ/ઈસમોને આ જાહેર નોટીસ દ્વાર